RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૨૮ તા.૨૪–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી સુબોધચંદ્ર જી.દેસાઈ
સામાવાળાઃ– ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી
અધિકારી(આરોગ્ય)
પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુબોધચંદ્ર જી.દેસાઈની તા. ૧૧–૧૦–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.
સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૪–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૨૮/૨૦૧૧–૧૨

શ્રી સુબોધચંદ્ર જી.દેસાઈની તા. ૧૧–૧૦–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે ઈ.ચા.મેડીકલ સુપ્રિ. ના પત્ર નં. એમસીએચ / આ.નં./ ૧૪૫૪ તા. ૨૦–૧૦–૧૧ તથા પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)ના પત્ર નં. જીએડી/ ઈએસટી / આ.નં./ ૨૫૦૨ તા. ૧૯–૧૦–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૪–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબત હેઠળની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા વધુમાં પગાર બાંધણી અને સેવા નિવૃતી લાભો ચુકવણાની જોગવાઈ અને સમય મર્યાદા સ્વંય જાહેર કરવા યોગ્ય કક્ષાની માહિતી પણ હોઈ તેની નકલ સહ વિગતો મોકલવા તથા વેબ સાઈટ પર હોય તો વિગત પણ જણાવવા પત્ર નં. આરટીઆઈ સેલ/૧૨૦૩ તા.૫–૧૨–૧૧થી ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય) પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને જાહેર માહિતી અધિકારી મસ્કતિ ધર્માથ હોસ્પીટલના પત્ર તા. ૨૮–૧૧–૧૧ મળ્યા બાદ શું નારાજગી છે તે મુદ્દાવાર આધાર સહ સ્પષ્ટ કરવા તથા કયા જાહેર માહિતી અધિકારી સામે કયા મુદ્દા અંગે નારાજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૧૨૦ તા.૧૯–૧૨–૧૧ માં અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/૩૧૧૫ તા.૧૯–૧૨–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, નોંધ વિભાગ,જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ના પત્ર નં.સા.વે.(અઠવા) ઝોન/આરટીઆઈ/ ૮૩૧ તા.૧૩–૧૦–૧૧ થી આરોગ્ય અધિકારી મસ્કતી ધમાર્થ હોસ્પીટલ તથા જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ ઈએસટી/ ૨૫૦૩ તા.૧૯–૧૦–૧૧ થી જાહેર માહિતી અધિકારી હિસાબી વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/ ૨૮૫૮ તા.૨૮–૧૧–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, પેન્શન કેસોનાં ઝડપી નિકાલ બાબતના પરિપત્ર નં.જીએડી/ઈએસટી /પી/૧૩૫૬ તા.૨૦–૧૦–૧૯૯૯ ની નકલ, મૃત્યુ–સહ–નિવૃતિ ગ્રેજયુટી ડેથ કમ–રીટાયરમેન્ટ ગ્રેજયુઈટી ની વિલંબિત ચૂકવણી પર વ્યાજ ચૂકવવા બાબતના ઠરાવની નકલ, ના.વિ.સ.ઠ.ક્રમાંકઃડી.પી.પી. –૧૦૯૯–૪૯૬–૧૩૧ (૧૦)–પી તા.૨૩–૬–૨૦૦૦ પાના ક્રમાંક ૪૮૨ થી ૪૯૨ ની નકલ, ના.વિ.સ.ઠ.ક્રમાંકઃ એન.વીએન–૧૦૭૯–૨૦૯૧–૫ તા.૧૪–૮–૭૯ તથા અન્ય પરિપત્રો/ ઠરાવો (પાના નં.૧૭/૩૧ થી ૧૭/૩૯ ) ના પત્રની નકલ, ગુજરાત સરકાર નાણાં વિભાગ ઠરાવ ક્રમાંક નવત– ૧૦૯૯–૧૪૦૨ –૫–તા.૨૦–૧૨–૦૨ (પાના નં.૧ થી ૬) ની નકલ, ગુજરાત સરકાર નાણાં વિભાગ ઠરાવ ક્રમાંક નવત– ૧૦૯૯–૧૪૦૨ –૫–તા.૨૫–૮–૦૪ (પાના નં.૧ થી ૨ ) ની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મસ્કતી ધર્માર્થ હોસ્પીટલ તરફથી અરજદારને પત્ર નં.એમસીએચ/આ. ૧૬૯૨ તા.૨૮–૧૧–૧૧ થી આપેલ માહિતી ની નકલ,અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૧–૧૦–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ.જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ના પત્ર નં.સા.વે.(અઠવા) ઝોન/આરટીઆઈ/ ૮૩૧ તા.૧૩–૧૦–૧૧ થી આરોગ્ય અધિકારી મસ્કતી ધમાર્થ હોસ્પીટલ તથા જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ. અરજદારે ઈ.ચા.મેડીકલ સુપ્રિ. ના પત્ર નં. એમસીએચ / આ.નં./ ૧૪૫૪ તા. ૨૦–૧૦–૧૧ તથા પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)ના પત્ર નં. જીએડી/ ઈએસટી / આ.નં./ ૨૫૦૨ તા. ૧૯–૧૦–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૨૪–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારની અરજીમાં મુદ્દા નં.૧ તેઓની નિવૃતિ સમયે છઠ્ઠા પગાર પંચ સંદર્ભે શું બેઝીક પગાર હોય શકે અને તે નકકી કરવાની પધ્ધતિ. જાહેર માહિતી અધિકારી મસ્કતિ ધર્માર્થ હોસ્પીટલ તરફથી નિવૃતિ સમયે આપનો છઠ્ઠા પગારપંચ મુજબ બેઝીક પગાર અને ગ્રેડ પે સરકારશ્રીના પરિપત્રને આધારે અનુક્રમે રૂા.૨૮,૯૭૦.૦૦ અને ૫,૪૦૦.૦૦ આકારવામાં આવ્યા છે. સરકારશ્રીના પરિપત્રની સ્વયંસ્પષ્ટ ઝેરોક્ષ કોપી આ સાથે સામેલ છે. તેવુ જણાવેલ. મુદ્દા નં.૨ પ્રોવિડન્ટ ફંડ ગ્રેજયુએટી, લીવ એન્કેશમેન્ટ વિગેરે જેવા નિવૃત્તિ લાભો ચુકવવા

માટે મહાનગરપાલિકા (આંશિક) સામાન્ય રીતે કેટલા દિવસો છે અને તેની ગણતરી માટેના માપદંડ શું છે? જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી ગ્રેજયુઈટીની પધ્ધતિ જણાવેલ જેમાં **ડી.સી.આર.ગ્રેજયુઈટી** : છેલ્લો મૂળ પગાર + ગ્રેડ પે X નિવૃત્તિ સમયનું ડી.એ. X નોકરીના વર્ષ ભાગ્યા ૨ , મહત્તમ રૂા. ૧૦,૦૦,૦૦૦/– ને આધિન વધુમાં વધુ ૩૩ વર્ષ **એડી. ગ્રેજયુઈટી** છેલ્લો મુળ પગાર + ગ્રેડ પે X વધુમાં વધુ ૧૫ સાધારણ સભા ઠરાવ નં.૨૪ તા.૧૮–૪–૬૭ મુજબ. તેવુ જણાવેલ. જયારે જાહેર માહિતી અધિકારી મસ્કતિ ધર્માર્થ હોસ્પીટલ તરફથી મસ્કતી હોસ્પીટલના રેકર્ડ ઉપલબ્ધ માહિતીમાં પેન્શન ગ્રેજયુઈટી, રજાનો પગાર ચુકવવા બાબતના હિસાબીખાતાનો પરિપત્રની નકલ આ સાથે સામેલ છે. પી.એફ.ની કાર્યવાહી હિસાબીખાતા મારફતે થાય છે. આ અંગેની તેમની અરજી જરૂરી પુર્તતાઓ કરી નં.એમ.સી.એચ./આઉટ/૨૦૫૩ તા.૮–૩–૧૧ ના રોજ હિસાબીખાતામાં મોકલવામાં આવેલ છે. તેવું જણાવેલ. મુદ્દા નં.૩ મારા ચુકવણામાં અયોગ્ય વિલંબ બદલ કઈ સત્તા જવાબદાર ઠરી શકે. જાહેર માહિતી અધિકારી મસ્કતિ ધર્માર્થ હોસ્પીટલ તરફથી મસ્કતી હોસ્પીટલના રેકર્ડ ઉપલબ્ધ માહિતી આપવામાં આવેલ છે. જુદા જુદા ખાતા જેવાકે મસ્કતિ ધર્માર્થ હોસ્પીટલ એકાઉન્ટ, ઓડિટ તેમજ મહેકમ(પી) ના સંકલનમાં રહીને વહેલામાં વહેલી કાર્યવાહી પુર્ણ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ. મુદ્દા નં.૪ પેન્શન નકકી કરવા માટેના માપ દંડ કયા છે અને મારો બેઝીક જે હોવો જોઈએ તેના કરતા ઓછો (આંશિક) દર્શાવવા માટેના કારણો. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી **પેન્શન** :– મૂળ પેન્શન = છેલ્લો મૂળ પગાર + ગ્રેડ પે ના ૫૦ % કોમ્યુ. પેન્શન – મૂળ પેન્શનના ૪૦ % , બી.પી.૨ = મૂળ પેન્શન – બાદ કોમ્યુ.પેન્શન, **પેન્શન કોમ્યુટેશનની રકમ** :– કોમ્યુ. પેન્શન × ૧૨× નિવૃત્તિ સમયની ઉમર મુજબનો કોમ્યુટેશન રેટ તેવું જણાવેલ. જયારે જાહેર માહિતી અધિકારી મસ્કતિ ધર્માર્થ હોસ્પીટલ તરફથી પેન્શન ફિક્ષેશન અંગે હિસાબીખાતાના સ્વયંસ્પષ્ટ પરિપત્રની નકલ આ સાથે સામેલ છે. છઠ્ઠા પગારપંચ મુજબનો અમલ કરી તા.૧–૧–૦૬ ના રોજનું નવું ફિક્ષેશન કરવામાં આવેલ. ત્યારબાદનો તેમને મળવાપાત્ર ઈજાફો શરતચુકથી રહી જવા પામેલ, જેના કારણે આ પરિસ્થિતિ ઉભી થયેલ છે. આ બાબકતે ઓડિટ વિભાગ સાથે પત્રવ્યવહાર કરતા તેઓ ધ્વારા આઈ.એસ.ડી. ધ્વારા તેઓને પાઠવેલ માહિતિ મુજબ, મહાનગરપાલિકા ખાતે કોમ્પ્યુટર સીસ્ટમ ડેવ. અને મેને. કામગીરી કરવા માટે હાલમાં નવી એજન્સી પાસેથી હેન્ડલીંગની કામગીરી ચાલુ છે. સદર કામગીરી પુર્ણ થયેથી રિવાઈઝ ફીક્ષેશનનો નવો પોગ્રામ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. અને ત્યારબાદ આપની રિવાઈઝડ ફિક્ષેશનની કાર્યવાહી કરવામાં આવશે. જે આપની જાણ માટે. તેવુ જણાવેલ. મુદ્દા નં.૫ મારી ડુપ્લીકેટ સર્વિસબુક નહીં પુરી પાડવાના કારણો અને ખોટા ફિક્સેશન ઉપર ગ્રેજયુઈટી કરવાના મુખ્ય કારણો. જાહેર માહિતી અધિકારી મસ્કતિ ધર્માર્થ હોસ્પીટલ તરફથી આમ કરવાનું કોઈ બદ હેતુ નથી. તમો જયારે મ.ધ.હોસ્પિટલની ફરજમાં ચાલુ હતા ત્યારે નં.એમ.સી.એચ./આઉટ/૧૭૫૨ તા.૧૧–૧–૧૧ રીકવીજેશન ફોર્મ ભરવામાં આવેલ હતું આ ઉપરાંત અત્રેથી પત્ર લખી આ બાબતે જાણ કરવામાં આવી છે પત્ર નં.એમ.સી.એચ./આઉટ/ ૧૬૩૮ તા.૨૩–૧૧–૧૧ અને નં.એમ.સી.એચ./આઉટ/૧૬૮૧ તા.૨૪–૧૧–૧૧ થી પાઠવી જાણ કરેલ હતી. જે બાબતે મળેલ માહિતી મુદ્દા નં.૪ ના પ્રત્યુત્તર આવરી લેવામાં આવેલ છે. તેવુ જણાવેલ. મુદ્દા નં.૬ કોઈપણ કારણ સિવાય મારા ફંડની ચુકવણી મૌકુફ રાખવા માટે વ્યાજબી અને કાયદેસર વ્યાજની રકમ નહીં ચુકવવાના કારણો. જાહેર માહિતી અધિકારી મસ્કતિ ધર્માર્થ હોસ્પીટલ તરફથી રેકર્ડ ઉપલબ્ધ માહિતિ આપવામાં આવે છે. તેવું જણાવેલ. જયારે અત્રેથી પગાર બાંધણી અને સેવા નિવૃતી લાભો ચુકવણાની જોગવાઈ અને સમય મર્યાદા સ્વંય જાહેર કરવા યોગ્ય કક્ષાની માહિતી પણ હોઈ તેની નકલ સહ વિગતો મોકલવા તથા વેબ સાઈટ પર હોય તો વિગત પણ જણાવવા બંન્ને જાહેર માહિતી અધિકારીઓને જણાવેલ. જે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી. તેમજ અરજદારને પણ જાહેર માહિતી અધિકારી મસ્કતિ ધર્માથ હોસ્પીટલના પત્ર તા. ૨૮–૧૧–૧૧ મળ્યા બાદ શું નારાજગી છે તે મુદ્દાવાર આધાર સહ સ્પષ્ટ કરવા તથા કયા જાહેર માહિતી અધિકારી સામે કયા મુદ્દા અંગે નારાજગી છે તે સ્પષ્ટ કરવા જણાવેલ પરંતુ તેમ કરવામાં અરજદાર સફળ રહેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૧–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે કશું કરવાનુ રહેતુ નથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,

(૧) ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી મ.ધ.હોસ્પીટલ, પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ).....જાણ તથા અમલ માટે

(૨) શ્રી સુબોધચંદ્ર જી.દેસાઈ,